ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબાર યાદી** Date : 25th February, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

.........................................................................,

ભાવનગર.

**મહાશિવરાત્રી પર્વનું ખગોળીય મહત્વ સમજાવવા લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા "મહાશિવરાત્રી આકાશ દર્શન" કાર્યક્રમનું થયેલ આયોજન.**

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા પ્રેરિત અને કલ્યાણ ફાઉન્ડેશન, ભાવનગર દ્વારા સંચાલિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર જીલ્લામાં ગણિત અને વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ લાવવાના ઉમદા હેતુ સાથે ૧૪ વર્ષથી કાર્યરત છે.

વિજ્ઞાનને લોકો સુધી અને લોકોને વિજ્ઞાનાભીમુખ કરવાના આશયથી મહાશિવરાત્રી પર્વ સાથે સંકળાયેલ ખગોળીય બાબતો સમજાવવા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા. ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૭ને શિવરાત્રીના રોજ સાંજે ૦૭:૩૦ કલાક થી રાત્રે ૦૯:૦૦ કલાક દરમ્યાન **"મહાશિવરાત્રી આકાશ દર્શન"** કાર્યક્રમનું શહેર મધ્યે સ્થિત તખ્તેશ્વર મંદિર ખાતે યોજવામાં આવેલ. જેમાં ભાવનગરની ખાગોળપ્રેમી જનતાને બાણરજ, ચિત્રલેખા, અનિરુધ્ધ, આદ્રા, શિકારી વગેરે તારાઓ, મૃગશીષ, રોહિણી વગેરે નક્ષત્રોને પોસ્ટરો અને ટેલીસ્કોપ વડે દર્શાવામાં આવેલ. શિવમહિમાની કથા સાથે જોડાયેલ ખગોળીયવાર્તાને શહેરના જાણીતા ખગોળપ્રેમી પ્રો. સુભાષભાઈ મહેતા દ્વારા રસપ્રદ રીતે સમજાવવામાં આવેલ.

ઉપરાંત શુક્ર ગ્રહ અને તેની કળાને ટેલીસ્કોપ દ્વારા લોકોએ નિહાળી હતી. તથા સ્માર્ટફોનની એપ્લીકેશનો દ્વારા ડીજીટલ મીડિયાથી આકાશને લોકોના માનસ સુધી માહિતગાર કરવામાં આવેલ. આ કાર્યાક્રમમાં લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા કાર્યરત **ભાવનગર એસ્ટ્રોનોમી ક્લબ** (BAC)ના સભ્યો હિરલ પોંદા, હિમા પટેલ, મિલી પટેલ અને મિતેશ ગજ્જર દ્વારા ખગોળ વિજ્ઞાનને લોકો સુધી પહોચાડવાનો ઉમદા પ્રયાસ કરવામાં આવેલ.

ઉપરોક્ત કાર્યક્રમમાં ભાવનગર શહેરના ૫૦૦થી વધારે શિવભકતોએ ભગવાન શિવના દર્શન સાથે શિવમહિમા અને શુક્ર ગ્રહને ટેલીસ્કોપ દ્વારા નિહાળ્યો હતો. જે વિગતો કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેનની યાદીમાં જણાવેલ છે.

(હર્ષદ જોષી) 25/02/17

ઓફીસ ઇન્ચાર્જ,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.